### ૨૯ જેટલી કંપનીઓની IPO મારફતે રૂ.૧૫,૦૦૦ કરોડ ઊભાં કરવાની યોજના

# પ્રાઈમરી માર્કેટમાં તેજી, અઢી ડઝન IPO કતારમાં

(બિઝનેસ ડેસ્ક) મુંબઈ, તા.૨૧

નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ના પાછલા છ મહિનાના સમયગાળામાં પ્રાયમરી માર્કેટમાં સક્રિયતા જોવા મળી હતી. સેકન્ડરી માર્કેટમાં પોઝિટિવ સેન્ટિમેન્ટને પગલે ૨૦૧૬-૧૭માં પ્રાયમરી માર્કેટ વધુ સક્રિય રહેવાની અપેક્ષા છે. આ વર્ષે ૩૧થી વધુ કંપનીઓ જાહેર ભરણાં દ્વારા રૂ. ૧૫,૦૦૦ કરોડ ઊભા કરવાનો પ્લાન ધરાવે છે.

અત્યારે જાહેર ભરણુ કરવા માટે ૨૫ કંપનીઓને સેબીની મંજૂરી મળી ગઈ છે. વધુ છ કંપનીઓએ જાહેર ભરણાં માટે સેબીમાં અરજી કરી છે. આગામી સમયમાં હજી વધુ કંપનીઓ આઈપીઓ માટે સેબીમાં એપ્લાય કરશે. જે કંપનીઓને જાહેર ભરણાં માટે સેબીની મંજૂરી મળી ગઈ છે એમાં દિલીપ બિલ્ડકોન, ન્યૂ દિલ્હી સેન્ટર ફોર સાઈટ, ઉજ્જિવન ફાઈ. સર્વિસિસ, ક્વીસ કોર્પ, હિન્દુજા લેલેન્ડ ફાઈનાન્સ, સિવેઝ શિપિંગ એન્ડ લોજિ., થાયરોકેર ટેકનોલોજી વગેરેનો સમાવેશ થાય છે.જેમાંથી ઉજ્જિવન ફાઈ. અને થાયરોકેર ટેક્.ના આઈપીઓ આગામી સપ્તાહે ખુલી રહ્યાં છે.

ઉજ્જિવન ફાઈ. સર્વિસિસ રૂ. ૯૦૦થી ૧૦૦૦ કરોડ અને થાયરોકેર રૂ. ૪૦૦થી ૫૦૦ કરોડનો આયાત લાવવા જઈ રહી છે. વર્ષ ૨૦૧૫-૧૬માં આઈપીઓ દ્વારા રૂ. ૧૪,૪૬૧ કરોડ ઊભા કરવામાં આવ્યા હતા. આ રકમ છેલ્લા પાંચ વર્ષમાં સૌથી વધુ છે. ૨૦૧૫-૧૬માં જે કંપનીઓએ જાહેર ભરણાં દ્વારા નાણાં ઊભા કર્યા એમાં ઈક્વિટસ હોલ્ડિંગ્સ, ઈન્ફિબિમ ઈનકોર્પોરેશન, ભારત વાયર રોપ્સ, હેલ્થ કેર ગ્લોબલ એન્ટર પ્રાઈસીસ, ક્વીક હિલ ટેકનોલોજીઝ, ટિમલિઝ સર્વિસિસ, પ્રિસિશન કેન્કશાફટનો સમાવેશ થાય છે.




## વોડાફોન બેથી અઢી અબજ ડોલરનો IPO લાવશે

વોડાફોન ગ્રૂપ તેની ભારતીય સબસિડિયરી માટે મેગા આઈપીઓ લાવવાની તૈયારીમાં પડ્યું છે. ઈશ્યૂની સંભવિત સાઈઝ બેથી અઢી અબજ ડોલરની કહેવાય છે. આ ધોરણે છેલ્લાં છ વર્ષનો આ સૌથી મોટો આઈપીઓ બની રહેશે. ઈશ્યૂના બુકરનર તરીકે સિટી ગ્રૂપ, ગોલ્ડમેન સાશ, મોર્ગન સ્ટેન્લી, કોટક ઈન્વે. બેન્કિંગ, આઈ-સેક, મેરિલ લિન્ચ, યુબીએસ-ગ્રૂપ ઈત્યાદી સાથે વાતચીત પ્રાથમિક તબક્કે હોવાના અહેવાલ છે

**કયાં IPO પાઈપલાઈનમાં?**

(૧) કે.પી.આર. એગ્રોકેમ
(૨) દિલિપ બિલ્ડકોન
(૩) નિહિલેન્ટ ટેક્નો.
(૪) ન્યુ દિલ્હી સેન્ટર ઓફ સાઈટ
(૫) મહાનગર ગેસ
(૬) જીવીઆર ઈન્ફ્રા પ્રોજેક્ટ
(૭) મૈની પ્રેસિઝન પ્રોડક્ટ
(૮) જીએનએ એક્સલેસ
(૯) VLCC હેલ્થકેર
(૧૦) લાર્સન-ટુબ્રો ઈન્ફોટેક
(૧૧) પરાગ મિલ્ક ફૂડ્સ
(૧૨) સનધાર ટેક્નો.
(૧૩) SSIPL રિટેલ
(૧૪) પરાંજપે સ્કિમ
(૧૫) મેટ્રિક્સ સેલ્યુલર
(૧૬) નુઝીવેડુ સિડ્સ
(૧૭) નુમેરો યુનો ક્લોથિંગ
(૧૮) ધી કેથોલિક સિરિયન બેંક
(૧૯) અમર ઉજાલા પબ્લિકેશન
(૨૦) AGS ટ્રાન્સકેટ ટેક્નો.
(૨૧) હિન્દુજા લેલેન્ડ ફાઈ.
(૨૨) સિવેઝ શિપિંગ-લોજિ.
(૨૩) CL એજ્યુકેટ
(૨૪) HPL ઈલે.એન્ડ પાવર
(૨૫) ક્વિસ કોર્પ.
(૨૬) એડવાન્સ્ડ એન્ઝીમી
(૨૭) S.P. એપેરલ્સ
(૨૮) RBL બેંક
(૨૯) મેટ્રિમોન.કોમ